પેજ 3

## વિક્કી-આલિયાએ મિજવાન ફેશન શોમાં 'લવ એન્ડ વોર'ની કેમિસ્ટ્રીની ઝાંખી કરાવી



મુંબઈ, તા. 27 : અભિનેતા વિક્કી કૌશલ અને આલિયા ભટ્ટે મુંબઈમાં ડિઝાઈનર મનીષ મલ્હોત્રાના મિજવાન ફેશન શોમાં રેમ્પ વોક કરીને આગામી ફિલ્મ 'લવ એન્ડ વોર'ની તેમની ઓન-સ્ક્રીન કેમિસ્ટ્રીની એક આકર્ષક ઝાંખી કરાવી હતી. તાજ લેન્ડ્સ એન્ડ ખાતે યોજાયેલી આ હાઈ-પ્રોફાઇલ ઇવેન્ટમાં શોસ્ટોપર તરીકે આ જોડીએ ભવ્ય પરંપરાગત પોશાકમાં રેમ્પ પર શાનદાર ઉપસ્થિતિ નોંધાવી હતી, જેણે સાંજના સમયે હાઈ ફેશન અને સિનેમેટિક ઉત્સાહનું અદ્ભુત મિશ્રણ પૂરું પાડ્યું હતું. આ રેમ્પ પરની હાજરી 'લવ એન્ડ વોર'ના પ્રમોશનલ અભિયાનને લઈને ચાલી રહેલા ભારે ઉત્સાહ વચ્ચે સામે આવી છે. આલિયાએ માથા પર જટિલ સફેદ ફ્લોરલ એમ્બ્રોઈડરીવાળા પારદર્શક દુપટ્ટાથી ઢાંકેલો આઈવરી રંગનો એમ્બ્રોઈડરીવાળો એથનિક પોશાક પહેર્યો હતો.

## રણબીર કપૂર સાથે રામાયણ ઇવેન્ટમાં મિ. બીસ્ટનો 'જય શ્રી રામ'નો નારો લગાવતો વીડિયો વાયરલ



મુંબઈ, તા. ૨૭ : મુંબઈમાં એક ઇવેન્ટ દરમિયાન 'જય શ્રી રામ'ના નારા ગુંજી ઉઠ્યા જ્યારે મિસ્ટરબીસ્ટ તેમની ખૂબ જ બહુપ્રતીક્ષિત ફિલ્મ 'રામાયણ'ના પ્રમોશન માટે રણબીર કપૂર સાથે જોડાયો. યુટ્યુબર દ્વારા અભિનેતા સાથે આ નારાનું ઉચ્ચારણ કરતો એક વીડિયો હવે વાયરલ થયો છે. આ ઇવેન્ટમાં રણબીર કપૂર, સાઈ પલ્લવી, રવિ દુબે, દિગ્દર્શક નિતેશ તિવારી અને નિર્માતા નમિત મલ્હોત્રા એકસાથે આવ્યા હતા, જ્યારે મિસ્ટરબીસ્ટ (જેનું સાચું નામ જિમી ડોનાલ્ડસન છે) ફિલ્મના વૈશ્વિક પ્રચાર અભિયાનના ભાગરૂપે કાસ્ટ અને ક્રૂ સાથે જોડાયા હતા. કપૂરે મિસ્ટરબીસ્ટ સાથે વાતચીત કરી અને તેમને વાર્તાના પાસાઓ તેમજ ભગવાન રામના સાંસ્કૃતિક મહત્વથી માહિતગાર કર્યા.

## સંજય ગુપ્તાએ રણબીર, રણવીર અને વિક્કીના સિગરેટ પીતા દર્શાવતા પોસ્ટર્સની ઝાટકણી કાઢી



મુંબઈ, તા. ૨૭ ફિલ્મમેકર સંજય ગુપ્તાએ લીડ અભિનેતાની ઓન-સ્ક્રીન છબી અને પ્રમોશનલ મટીરિયલના ભાગરૂપે સિનેમાજગત દ્વારા સિગારેટ પીવા પર સતત નિર્ભર રહેવા સામે સવાલો ઉઠાવ્યા છે. રવિવારે આ ડિરેક્ટરે એક કોલાજ શેર કર્યો હતો જેમાં એક્શન ડ્રામા 'એનિમલ'માં રણબીર કપૂર, આગામી થ્રિલર 'ધુરંધર'માં રણવીર સિંહ અને પિરિયડ ડ્રામા 'લવ એન્ડ વોર'માં વિક્કી કૌશલ પોતપોતાના કેરેક્ટર લુકમાં સિગારેટ પીતાં દર્શાવવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખતાં ફિલ્મમેકરે થિયેટરમાં ફરજિયાત બતાવવામાં આવતી સિગારેટ વિરોધી (એન્ટી-સ્મોકિંગ) અણગમતી રીલ્સ અને ફિલ્મોના માર્કેટિંગ પોસ્ટર્સ વચ્ચેની વિસંગતતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ગુપ્તાએ કહ્યું કે, "જ્યારે ફિલ્મોના પોસ્ટર્સ આવા હોય, ત્યારે ફિલ્મોની શરૂઆતમાં અને દરમિયાન આપણે જે અણગમતી એન્ટી-સ્મોકિંગ રીલ્સ સહન કરવી પડે છે તેનો શું અર્થ?"

# યુકેના ફેરફોર્ડ એરબેઝ પર વિસ્ફોટના કાવતરાની શંકાથી અનેકની ધરપકડ

**યુકેના** હવાઇ દળના આ એરબેઝ તરફ ત્રણ શંકાસ્પદ વાહનો ધસી રહ્યા હોવાની બાતમી મળતા પોલીસે કામગીરી હાથ ધરી : નજીકનું ગામ ખાલી કરાવાયું

**આ** એરબેઝનો ઉપયોગ અમેરિકી હવાઇ દળ કરે છે, તેના પર હુમલો કરવાની ધમકી ઇરાન તરફથી જુલાઇમાં મળી હતી



લંડન, તા. ૨૭(PTI): યુકેના સાઉથ-વેસ્ટ ઈંગ્લેન્ડમાં આવેલા વેલ્ફોર્ડ ગામમાં રોયલ એર ફોર્સ(RAF) બેઝ નજીક વિસ્ફોટકોને લગતા કાયદા હેઠળ અનેક લોકોની ધરપકડ કરવામાં આવ્યા બાદ રવિવારે યુકેની ત્રાસવાદ વિરોધી પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. સ્થાનિક પોલીસને ત્રણ શંકાસ્પદ વાહનો આ એરબેઝ તરફ જઇ રહ્યા હોવાનો કોલ મધરાત પછી પોણા એક વાગ્યાના સુમારે મળ્યો હતો.

ગ્લુસ્ટરશાયર કોન્સ્ટેબ્યુલરીએ આ ઘટનાને ગંભીર ઘટના જાહેર કરી હતી, ત્યારબાદ બ્રિટિશ આર્મીએ બોમ્બ સ્ક્વોડ મોકલી હતી અને RAFના ફેરફોર્ડ બેઝ નજી આવેલા વેલ્ફોર્ડ ગામના ઘરો ખાલી કરાવવામાં આવ્યા હતા. પાંચ જણાની ધરપકડ વિસ્ફોટકોને લગતા કાયદા હેઠળ કરવામાં આવી છે જ્યારે અન્ય કેટલાકની ધરપકડ ત્રાસવાદી કૃત્યની શંકા પરથી કરવામાં આવી છે. યુકે સરકારના પ્રવક્તાએ જણાવ્યું હતું કે બ્રિટિશ વડાપ્રધાન એન્ડી બર્નહામને આ એર બેઝ પર બનેલી ઘટના અંગે સતત માહિતી આપવામાં આવી રહી છે. આ બેઝ પર મોટી સંખ્યામાં અમેરિકી એર ફોર્સના જવાનો અને તેમની કામગીરીઓ હોય છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ ઈરાન સામે યુએસ-ઈઝરાયેલ યુદ્ધ શરૂ થયા પછી, યુકે સરકારે અમેરિકી સૈન્યને ઈરાની મિસાઈલ સાઈટો પર હુમલો કરવા માટે ફેરફોર્ડ બેઝનો ઉપયોગ કરવાની મંજૂરી આપી હતી.

ગ્લુસ્ટરશાયર પોલીસે જણાવ્યું હતું કે, "આર્મીની નિષ્ણાત એક્સપ્લોસિવ ઓર્ડનન્સ ડિસ્પોઝલ ટીમ હાલમાં સંખ્યાબંધ વાહનોની તપાસ કરી રહી છે." તેમણે વધુમાં ઉમેર્યું, સ્થાનિક રહીશોને નજીકના લેઈઝર સેન્ટરમાં ખસેડવામાં આવી રહ્યા છે. હાલમાં ઘટનાસ્થળે સુરક્ષા કોર્ડન કરવામાં આવી છે, પરંતુ અમે લોકોને આશ્વાસન આપવા માંગીએ છીએ કે આ ઘટના સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ છે. સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટનાની તપાસ કાઉન્ટર-ટેરર પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. યુકેના સંરક્ષણ મંત્રી વેસ સ્ટ્રીટિંગે ઝડપી કામગીરી કરવા બદલ નિષ્ણાત ટીમોની પ્રશંસા કરી હતી અને ઉમેર્યું હતું કે સશસ્ત્ર દળો ૨૪/૭ સ્ટેન્ડબાય રહે છે. અત્રે ઉલ્લેખનીય છે કે જુલાઈમાં ઈરાનના આઈઆરજીસીએ બ્રિટનના રોયલ એરફોર્સના ફેરફોર્ડ બેઝ પર હુમલો કરવાની ધમકી આપી હતી.

### તણાવ ઓછો કરવાની જર્મનીની અપીલ મોસ્કોએ ફગાવી

# યુક્રેન પર રશિયાના હુમલાઓમાં 6નાં મોત

કીવ, તા. 27 (એપી): યુક્રેનભરમાં રાત્રિ દરમિયાન અને રવિવારે થયેલા હુમલાઓમાં ઓછામાં ઓછા 6 લોકોનાં મોત નીપજ્યાં હતાં. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આ હુમલાઓ ત્યારે થયા છે જ્યારે મોસ્કોએ નાટો વિરુદ્ધ તણાવ ઓછો કરવાની જર્મનીની અપીલ ફગાવી દીધી હતી.

રશિયાના ટોચના રાજદ્વારીએ શનિવારે તેમના જર્મન સમકક્ષ સાથે થયેલી તે બેઠકને ખાસ મહત્ત્વ આપ્યું ન હતું, જેને ૨૦૨૨માં યુક્રેન પર રશિયાના પૂર્ણ હુમલા પછી બંને વચ્ચેની પહેલી રૂબરૂ બેઠક માનવામાં આવી રહી છે. આ બેઠક યુએન જનરલ એસેમ્બલીમાં દુનિયાભરના નેતાઓના વાર્ષિક મેળાવડા દરમિયાન થઈ, જ્યારે રશિયા અને યુક્રેન વચ્ચે હવાઈ યુદ્ધ તેજ થઈ રહ્યું છે અને તેના અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. ગયા મહિને લિપઝિગ એરપોર્ટ પર થયેલા એક ડ્રોન હુમલાના પ્રયાસ માટે બર્લિન દ્વારા ક્રેમલિનને જવાબદાર ઠેરવવામાં આવ્યા બાદ તાજેતરના અઠવાડિયામાં રશિયા અને જર્મની વચ્ચેના સંબંધો બગડ્યા છે. ગયા વર્ષથી મોરચા પરની સ્થિતિમાં કોઈ ખાસ ફેરફાર થયો નથી, ત્યારે મોસ્કોએ તાજેતરના મહિનાઓમાં તેના પડોશી દેશ પર ક્રૂઝ અને બેલેસ્ટિક મિસાઈલો, શક્તિશાળી ગ્લાઈડ બોમ્બ અને જેટ-સંચાલિત ડ્રોન વડે હુમલા કર્યા છે. દરમિયાન, કીવના લાંબા અંતરના ડ્રોને રશિયાની ઓઈલ રિફાઈનરીઓ અને વ્યવસાયોને નિશાન બનાવ્યા છે. કીવમાં રાત્રિ દરમિયાન રશિયન ડ્રોને બિન-રહેણાક મકાનને ટક્કર માર્યા બાદ એક વ્યક્તિ મૃત હાલતમાં મળી આવી હતી. એમ યુક્રેનની કટોકટી સેવાએ જણાવ્યું હતું.

રવિવારે બાદમાં કીવની બહારના વિસ્તારોમાં રશિયન ડ્રોન હુમલામાં એક વ્યક્તિનું મોત થયું હતું અને ઓછામાં ઓછા 5 લોકો ઘાયલ થયા હતા.

એમ સ્થાનિક વહીવટી તંત્રના વડા ટિમુર ટ્કાચેન્કોએ જણાવ્યું હતું. વિષ્નેવેમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને 4 લોકો ઘાયલ થયા હતા, જ્યાં એક ડ્રોને 5 વાહનોને નુકસાન પહોંચાડ્યું હતું અને આગ લગાડી હતી. એમ ટ્કાચેન્કોએ જણાવ્યું હતું.

## બલૂચિસ્તાનમાં 73 આતંકવાદીઓને ઠાર કર્યાનો પાકિસ્તાની લશ્કરનો દાવો

**ગુપ્તચર** માહિતીને આધારે ક્વેટામાં છેલ્લા 96 કલાક દરમિયાન ઓપરેશનો હાથ ધરાયા હોવાનું કહેવાયું

ઈસ્લામાબાદ/કરાચી, તા. ૨૭ (PTI): પાકિસ્તાની સુરક્ષાદળોએ અશાંત બલૂચિસ્તાન પ્રાંતમાં છેલ્લા કેટલાક દિવસો દરમિયાન ચલાવાયેલા ઓપરેશનોમાં ૭૩ આતંકવાદીઓને ઠાર કર્યા છે. તેમ લશ્કરે રવિવારે જણાવ્યું હતું.

પાકિસ્તાની લશ્કરની મીડિયા પાંખ ઈન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ (આઈએસપીઆર)એ જણાવ્યું હતું કે, આ ગુપ્તચર માહિતી આધારિત ઓપરેશનો પ્રાંતના પાટનગર ક્વેટામાં છેલ્લા ૯૬ કલાક દરમિયાન હાથ ધરવામાં આવ્યા હતા.

પ્રતિબંધિત આતંકવાદી સંસ્થાઓ વિરુદ્ધ ઝિયારત અને નોશ્કી જિલ્લા તેમ જ ટુંપ જિલ્લાના મંડ વિસ્તારમાં પણ ઓપરેશનો ચલાવવામાં આવ્યા હતા.

આઈએસપીઆરએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર બાદ અને બહુવિધ અડ્ડાઓ નષ્ટ કર્યા હતા, જેમાં પછી ક્વેટાના શબાન વિસ્તારમાં એક ઓપરેશન દરમિયાન ૩૩ આતંકવાદીઓ માર્યા ગયા હતા.

આઈએસપીઆરએ ઉમેર્યું હતું કે શસ્ત્રો, ગોળાબારૂદ અને વિસ્ફોટકો પણ જપ્ત કરવામાં આવ્યા છે. લશ્કરે જણાવ્યું કે, આ ઓપરેશન ૨૧ સપ્ટેમ્બરના રોજ ઝિયારતમાં શરૂ કરવામાં આવ્યું હતું. છેલ્લા ૭૨ કલાકમાં આ ઓપરેશન વધુ તીવ્ર બનાવવામાં આવ્યું હતું, જેના પરિણામે ૨૩ આતંકવાદીઓ માર્યા ગયા હતા. આઈએસપીઆર અનુસાર, નોશ્કી જિલ્લામાં શુક્રવારે અલગ-અલગ ઓપરેશનોમાં ૧૧ આતંકવાદીઓ માર્યા ગયા હતા, જ્યારે મંડમાં અન્ય છ માર્યા ગયા હતા, જ્યાં મોટા પ્રમાણમાં શસ્ત્રો અને ગોળાબારૂદ જપ્ત કરવામાં આવ્યા હતા.

# ચીનથી બે વિશાળ પાંડા અમેરિકાના એટલાન્ટા પ્રાણી સંગ્રહાલય જવા રવાના

**બે** પુખ્ત પાંડા પિંગ પિંગ અને ફુ શુઆંગ ચેંગડુથી એટલાન્ટામાં તેમના નવા ઘર તરફ રવાના થયા




બેંગકોક, તા. ૨૭ (એપી) ચીન અને અમેરિકી સરકારો વચ્ચેના કરારના ભાગરૂપે બે જાયન્ટ પાંડા રવિવાર વહેલી સવારે દક્ષિણ-પશ્ચિમી ચીનના ચેંગડુથી એટલાન્ટામાં તેમના નવા ઘર તરફ રવાના થયા હતા. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ત્રણ દિવસીય શિખર સંમેલન માટે વોશિંગ્ટનમાં રોકાણ દરમિયાન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે જાહેરાત કરી કે પાંડા આગામી દિવસોમાં એટલાન્ટા પહોંચશે.

એટલાન્ટા ઝૂને પાંડાની સોંપણી એ સ્ટેટ વિઝિટના થોડા નક્કર પરિણામોમાંથી એક હતી, જેમાં નેતાઓ વચ્ચે સદ્ભાવના તો જોવા મળી, પરંતુ બંને દેશો વચ્ચેના લાંબા સમયથી ચાલતા મતભેદોમાંથી કોઈપણનો ઉકેલ આવ્યો ન હતો. એટલાન્ટાએ ૨૦૨૪માં તેના પાછલા પાંડાઓને વિદાય આપી હતી, જેના કારણે ઝૂ પાંડા વગરનું થઈ ગયું હતું. નવા કરારની જાહેરાત પાછળ એપ્રિલમાં કરવામાં આવી હતી, પરંતુ કોઈપણ તારીખ નક્કી કરવામાં આવી ન હતી.

પિંગ પિંગ અને ફુ શ્વાંગ એ બે પુખ્ત પાંડા છે જે કરારના ભાગરૂપે ૧૦ વર્ષ માટે ઝૂ એટલાન્ટાને લોન પર આપવામાં આવશે. બંને પાંડાનો જન્મ ૨૦૨૦માં થયો હતો અને તેમને જાયન્ટ પાંડા બ્રીડિંગના ચેંગડુ રિસર્ચ બેઝ પર રાખવામાં આવ્યા હતા.

## સુવેન્દુએ બંગાળમાં 27 લાખ નામો રદ થવા અંગે મમતાને જવાબદાર ઠેરવ્યા

**ચૂંટણી** પંચનો બચાવ કરી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ કહ્યું કે ત્રણેય ચૂંટણી કમિશનરોની સંયુક્ત બેઠક સાબિત કરે છે કે નિર્ણયો સર્વાનુમતે લેવાયા હતા

કોલકાતા, તા. ૨૭(પીટીઆઈ): પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ રવિવારે મતદારયાદીની ખાસ ગહન સુધારણા(SIR) અંગે વધતા રાજકીય વિવાદ વચ્ચે ચૂંટણી પંચનો મજબૂત બચાવ કર્યો હતો. તેમણે ૨૭ લાખ નામો રદ થવા માટે પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનરજીને જવાબદાર ઠેરવ્યા હતા અને ભારપૂર્વક કહ્યું હતું કે આ નામો દૂર કરવા માટે ભાજપ કે ચૂંટણી પંચને જવાબદાર ગણી શકાય નહીં.

અહીં એક પત્રકાર પરિષદને સંબોધતા અધિકારીએ શનિવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધૂ તથા વિવેક જોશી વચ્ચે યોજાયેલી બેઠકનો પણ ઉલ્લેખ કર્યો હતો.

તેમણે કહ્યું કે તેમની આ બેઠક અને ત્યારબાદ ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલા નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે SIR-સંબંધિત નિર્ણયો મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) દ્વારા એકપક્ષીય રીતે લેવામાં આવ્યા નહોતા.

## ટ્રમ્પ ભલે વિરોધ કરે પણ અનિયંત્રિત AIથી અમેરિકાને જ વધુ જોખમ

**AIની** પ્રગતિની સાથે અમેરિકા પર અનિયંત્રિત એઆઇનું જોખમ વધારે

**હેકરો** દ્વારા અમેરિકા પર વિનાશક સાયબર હુમલાઓનો ભય વધી જશે

જ્યોર્જિયા (US), 27 સપ્ટેમ્બર (ધ કન્વર્સેસન): AI ના વિકાસને ધીમો પાડવા અને ટેક્નોલોજી પર સરકારી નિયમન તેમજ દેખરેખ વધારવાની માંગ કરતા અવાજો વચ્ચે એક વિરોધી અવાજ અલગ તરી આવે છે: ડોનાલ્ડ જે. ટ્રમ્પનો.

અમેરિકી પ્રમુખે વારંવાર દલીલ કરી છે કે AI ની પ્રગતિને ધીમી કરવા માટે મજબૂત નિયમો લાવવાથી ચીનને ફાયદો મેળવવાની તક મળશે, જે અમેરિકાના રાષ્ટ્રીય હિતો માટે જોખમ ઊભું કરે છે. જે પણ AI જીતશે, તે જીતશે! એમ ટ્રમ્પે 21 સપ્ટેમ્બર, 2026 ના રોજ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું હતું અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં અમેરિકાની "જીત" સામે ચીનને મુખ્ય જોખમ તરીકે દર્શાવ્યું હતું. ત્યારબાદ તેમણે સંયુક્ત રાષ્ટ્રમાં આપેલા ભાષણમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર નિયંત્રણ મેળવવાના "કોઈપણ વૈશ્વિક યોજનાના પ્રયાસ" ને તેમના વહીવટીતંત્ર દ્વારા સંપૂર્ણપણે ફગાવી દેવાની વાત કરી હતી. ચોક્કસપણે, AI માં ચીન વૈશ્વિક સ્તરે આગળ નીકળી જાય તો તે અમેરિકાના વ્યુહાત્મક અને આર્થિક હિતો માટે એક ચિંતાજનક ઝટકો હશે. આંતરરાષ્ટ્રીય સંબંધો અને ટેક્નોલોજીના આંતરસંબંધનો અભ્યાસ કરતા એક સંશોધક તરીકે, હું દાવો કરું છું કે AIમાં ચીનની ઝડપી પ્રગતિ એ એક મુખ્ય કારણ છે કે શા માટે US AI ઉદ્યોગનું નિયમન જરૂરી છે. સાંભળવામાં ભલે વિરોધાભાસી લાગે, પરંતુ યુએસમાં AI ના વિકાસને ધીમો પાડવાથી ચીનની પ્રગતિ પણ ધીમી પડી જશે. તેનાથી પણ વધુ મહત્વનું એ છે કે, AI ના "અનિયંત્રિત અથવા ગેરમાર્ગે જવાની " તાજેતરની જાહેરાતો અને નવા AI મોડલ્સની શક્તિ તેમજ ક્ષમતામાં થયેલી અદ્ભુત વૃદ્ધિ સ્પષ્ટપણે સૂચવે છે કે અનિયંત્રિત ક્ષેત્ર એ ચીનની ક્ષમતાઓમાં વધારાના જોખમ કરતાં યુનાઈટેડ સ્ટેટ્સ માટે વધુ મોટું સુરક્ષા જોખમ છે.

વિશ્વભરના અગ્રણી ઉદ્યોગપતિઓ અને રાજકીય હસ્તીઓએ અંકુશ વગરના AI ના વિકાસથી થતા સુરક્ષા જોખમો સામે ચેતવણી આપી છે. તાજેતરના પોલિંગ મુજબ, લગભગ 10 માંથી 8 અમેરિકનો આ ચિંતાઓ ધરાવે છે, કારણ કે મોટાભાગના ડેમોક્રેટ્સ, અપક્ષો અને રિપબ્લિકન AI ના નિયમો વધારવાનું સમર્થન કરે છે. આ જોખમોમાં વિદેશી રાષ્ટ્રો અને આતંકવાદી જૂથો તરફથી થતા હુમલાઓ સામે અમેરિકાની નબળાઈનો સમાવેશ થાય છે, જેઓ વધુ ઘાતક હથિયાર પ્રણાલીઓ - પરંપરાગત શસ્ત્રો અને સામૂહિક વિનાશના શસ્ત્રો - બંને બનાવવા માટે AI ની પ્રગતિનો ઉપયોગ કરી શકે છે.

આ ક્ષેત્રમાં થઈ રહેલી પ્રગતિ દુષ્ટ તત્વો દ્વારા વિનાશક સાયબર હુમલાઓ થવાની શક્યતા પણ વધારે છે, કારણ કે AI સાયબર સુરક્ષાની નબળાઈઓને ઓળખવામાં અને તેનો ગેરલાભ ઉઠાવવામાં વધુને વધુ કુશળ બની રહ્યું છે.

## દિલ્હીના મંત્રીએ રોડ ઇન્સ્પેક્શન વીડિયો બનાવતી વ્યક્તિને થપ્પડ મારી

**આમ** આદમી પાર્ટીએ પરવેશ વર્મા સામે આ મામલે એફઆઇઆર દાખલ કરવા અને ધરપકડની માગ કરી



નવી દિલ્હી, તા. 27 (PTI): દિલ્હીના પીડબલ્યુડી મંત્રી પ્રવેશ વર્મા રવિવારે વિવાદમાં મુકાયા હતા, જ્યારે સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો જેમાં તેઓ તિલક નગર ખાતે રોડ નિરીક્ષણનો વીડિયો બનાવી રહેલી એક વ્યક્તિને કથિત રીતે થપ્પડ મારતાં નજરે પડ્યા હતા.

તિલક નગરના આપના ધારાસભ્ય જરનૈલ સિંહ, જેઓ સ્થળ પર હાજર હતા, તેમણે હાથથી નવા બનેલા રોડની સપાટીના ટુકડા બહાર કાઢ્યા અને તેની ગુણવત્તા પર સવાલ ઉઠાવ્યા. નજીકમાં ઊભેલો એક યુવાન આ કાર્યવાહી રેકોર્ડ કરી રહ્યો હતો ત્યારે વર્માએ કથિત રીતે તેને થપ્પડ મારી હતી.

સિંહ દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા આ વીડિયોમાં આ ઘટના કેદ થઈ હતી, જેના કારણે આપ નેતાઓએ વર્માની ધરપકડની માંગ કરી હતી. પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે આક્ષેપ કર્યો હતો કે, સ્થાનિક રહેવાસીઓએ રોડની ગુણવત્તા પર સવાલ ઉઠાવતાં મંત્રીએ પોતાનો કાબૂ ગુમાવ્યો હતો.

આક્ષેપોનો જવાબ આપતાં વર્માએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી દ્વારા ફેલાવવામાં આવી રહેલો વીડિયો સંદર્ભ વગર રજૂ કરવામાં આવ્યો છે અને તેમણે સ્થાનિક આપ ધારાસભ્ય પર રોડના કોન્ટ્રાક્ટર પાસેથી કમિશન માંગવાનો આક્ષેપ પણ કર્યો હતો.

## બોઈંગ કંપનીએ તેના MAX વિમાનોમાં એક સોફ્ટવેર ખામી શોધી કાઢી

નવી દિલ્હી/મુંબઈ, તા. ૨૭(પીટીઆઈ): બોઈંગે તેના કેટલાક B737 MAX વિમાનોમાં એક સોફ્ટવેર ખામી શોધી કાઢી છે, જેના કારણે મિસ્ડ લેન્ડિંગ એપ્રોચ(ઉતરાણ મુલતવી રાખવું પડ્યું હોય)ના પછી ઓટોમેટેડ ફ્લાઈટ ગાઈડન્સ સિસ્ટમ બંધ થઈ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિમાન નિર્માતા કંપની હાલમાં આ સમસ્યાના કાયમી ઉકેલ પર કામ કરી રહી છે.

ભારતમાં એર ઈન્ડિયા એક્સપ્રેસ અને અકાસા એર દ્વારા આશરે ૯૬ બોઈંગ 737 MAX વિમાનોનું સંચાલન કરવામાં આવે છે. એર ઈન્ડિયા એક્સપ્રેસ અને અકાસા એર પાસે મળીને તેમના કાફલામાં આશરે ૯૬ બોઈંગ 737 MAX વિમાનો છે. બોઈંગના પ્રવક્તાએ રવિવારે જણાવ્યું હતું કે તેના એન્જિનિયરો આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે સોફ્ટવેર અપડેટ પર કામ કરી રહ્યા છે. પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ગયા મહિને, અમે તમામ 737 ઓપરેટરોને સોફ્ટવેરની એક સમસ્યા વિશે જાણ કરી હતી, જેમાં લેન્ડિંગ દરમિયાન પાઈલટોને ઓટોમેશનમાં ઘટાડો અનુભવાઈ શકે છે.

## દક્ષિણ આફ્રિકામાં ગોળીબારની બે ઘટનામાં ઓછામાં ઓછા 27નાં મોત

**એકે-47** રાઇફલ્સ અને પિસ્તોલથી સજ્જ આઠ બંદૂકધારીઓએ બારમાં ગ્રાહકો પર અંધાધૂંધ ગોળીબાર કર્યો



કેપ ટાઉન, તા. 27 (એપી) - દક્ષિણ આફ્રિકાની ટાઉનશિપમાં થોડા જ કલાકોના અંતરમાં બનેલી બે અલગ-અલગ સામૂહિક ગોળીબારની ઘટનાઓમાં એકે-47 રાઈફલ્સ અને પિસ્તોલથી સજ્જ આઠ બંદૂકધારીઓએ એક બારમાં બેઠેલા ગ્રાહકો પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા 27 લોકોનાં મોત થયાં હોવાનું પોલીસે રવિવારે જણાવ્યું હતું.

પ્રથમ હત્યાકાંડ શનિવારે મોડી રાત્રે જોહાનિસબર્ગ નજીક થયો હતો. બીજી ઘટના રવિવારે વહેલી સવારે કેપ ટાઉન નજીક બની હતી. આ બંને ગોળીબારની ઘટનાઓમાં કોઈની ધરપકડ કરવામાં આવી નથી. આ ઘટના ડરબન શહેર નજીક આવેલી એક ટાઉનશિપમાં થયેલા અન્ય એક સામૂહિક ગોળીબારના માંડ પાંચ દિવસ પછી બની છે, જેમાં ઓછામાં ઓછા 11 લોકો માર્યા ગયા હતા.

દક્ષિણ આફ્રિકાની પોલીસ સેવાએ જણાવ્યું કે, દક્ષિણ આફ્રિકાના સૌથી મોટા શહેર જોહાનિસબર્ગની દક્ષિણ-પશ્ચિમમાં આવેલી વેડેલા ટાઉનશિપમાં એક બાર પર શનિવારે રાત્રે આશરે 9:30 વાગ્યે એકે-47 રાઈફલ્સ અને પિસ્તોલથી સજ્જ આઠ શંકાસ્પદોએ ગોળીબાર કર્યો ત્યારે 17 લોકોનાં મોત થયાં હતાં.

શંકાસ્પદોએ બારની બહાર હાજર ગ્રાહકો પર અંધાધૂંધ ગોળીબાર કર્યો અને ત્યાર બાદ બારની અંદર જઈને હત્યાઓ કરી નાખી. મૃતકોમાં 13 પુરુષો અને ચાર મહિલાઓ સામેલ હતા.

## કોંગોમાં ફેરી બોટ ડુબતાં 12નાં મોત, ડઝનબંધ લાપતા

**પૂર્વ** કોંગોના કીવુ તળાવમાં બનેલી ઘટના, નૌકામાં વધારે પડતા મુસાફરો ઠાંસ્યા હોવાની શંકા

બુકાવુ(કોંગો), તા. 27(AP): પૂર્વ કોંગોના કીવુ તળાવમાં વેપારીઓને લઈ જઈ રહેલી એક બોટ પલટી જતાં ઓછામાં ઓછા 12 લોકોનાં મોત થયા છે અને ડઝનબંધ લોકો લાપતા થયા છે, તેમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું.

અકસ્માત સ્થળ નજીકના કિશેકે ગામના મુખી ફેલિક્સ હબીરાગીએ જણાવ્યું કે, દક્ષિણ કીવુ પ્રાંતના ઈડજવી ટાપુ પર શનિવારે રાત્રે આ બોટ પલટી ગઈ ત્યારે તેમાં 50થી વધુ લોકો સવાર હતા.

તેમણે ઉમેર્યું કે લગભગ 15 લોકોને બચાવી લેવામાં આવ્યા છે. અકસ્માતનું કારણ તાત્કાલિક સ્પષ્ટ થઈ શક્યું નથી. કોંગોમાં ઘાતક બોટ અકસ્માતો સામાન્ય છે, જ્યાં તેની 10 કરોડથી વધુ વસ્તી માટે નદીઓ અને તળાવો પરિવહનનું મુખ્ય સાધન છે.